ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૬ ઓક્ટોબર, ૨૦૨૫



અજબ કિશોરના ગજબ કિસ્સા... Pg.2



હું હંમેશા કોન્ફિડન્ટ હોવ છું એ મોટી ગેરસમજ છે... Pg.4

ટૉક ઓફ ધી ટાઉન

# ક્યાં ખોવાઈ ગયો નવાઝનો અવાજ?



**2019નો દોર જ્યારે ભારતમાં OTT લોકો સુધી સરળતાથી પહોંચી ગયા, થિયેટરને છોડી ફોનની સ્ક્રિન પર વેબસિરીઝ જોવાનું શીખી રહ્યા હતા ત્યારે નવાઝે સેક્રેડ ગેમ્સથી બાજી મારી લીધી. 'કભી કભી તો લગતા હૈ આપુન હી જ ભગવાન હૈ'ની જેમ વેબસિરીઝામાં તે સમયે ગોડ બનાવની નજીક જ હતો પણ...**

આ દિવાળીએ આવી રહેલી ફિલ્મ થામાનું ટ્રેલર જોયું? તેની સ્ટાર કાસ્ટ? એ ટ્રેલરની શરૂઆત જે અવાજથી થાય છે તે ઓળખ્યો? કે પછી જ્યારે થિયેટરમાં જો ફિલ્મ જોવા જશો અને રશ્મિકા, આયુષ્માન સિવાય જે કલાકાર નામે નવાઝુદીન સિદીકી દેખાશે તેને જોઈ શું યાદ આવશે! ભુલાઈ રહેલો સ્ટાર કે હજી છે તેવો જ દમદાર? જે પણ હોય એક વાત નક્કી કે નવાઝનો સિતારો જે ઝડપે ચમક્યો એ જ ઝડપે બુઝાઈ રહ્યો છે. કેટલી ફિલ્મો આવી, કેટલી આવશે તેની ચર્ચા નથી થઈ રહી... એક સમય હતો જ્યારે મીમથી લઈ ફિલ્મ સુધી ટૉક ઓફ ધી ટાઉન નવાઝ જ રહેતો.. હવે કેમ નથી?


1999ની સાલ જ્યારે પહેલી વાર ફિલ્મી પરદા પર એક ખાન સાથે નવાઝ દેખાયો... જેમાં કોઈએ તેને ઓળખ્યો નહતો. પછી એ જ વર્ષે શૂલ, હે રામ, જંગલ જેવી ફિલ્મોમાં પણ નવાઝ હતો જ, કોઈ ઓળખે તો ને. ના ડિરેક્ટર, ના ઑડિયન્સ. હા તેના NSD ના મિત્રોને લાગતું કે એક દિવસ તો નવાઝ રાજ કરશે જ. નવાઝને પણ પોતાનામાં એટલો વિશ્વાસ હતો જ અને એટલે જ આટલા વર્ષ તેણે સંઘર્ષ કર્યો. 2004માં થોડી લાઈમલાઈટ મળી ફિલ્મ બ્લેક ફ્રાઈડેથી. આ એજ ફિલ્મ હતી જેમાં રહેલા કે.કે મેનેન, ગજરાજ રાવ, પવન મલ્હોત્રા, ઝાકીર, દિવ્યાંદુ, ડિરેક્ટર અનુરાગ કશ્યપ બધા જ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ છાપ છોડવાના હતા. આ ભારે કલાકારો વચ્ચે પણ નવાઝે પોતાનું જાદુ દેખાડ્યું ને પછી લાગ્યું કે આ 'જીનિયસ'નું કરિયર બની ગયું પણ એવું થયું નહીં. ફરી 8 વર્ષની રાહ જોવી પડી ને 2012માં સમય આવ્યો જ્યારે ઈન્ડસ્ટ્રીએ નવાઝની 'તલાશ' કરી. ફરી વાર એ જ સરફરોશ ફિલ્મના 'ખાન' સાથે ફિલ્મ કરી તલાશ. એ જ વર્ષે અનુરાગની કલ્ટ કલાસિક ગેન્સ ઓફ વાસેપુરમાં પણ દેખાયો. જેણે આઉટસાઈડર નવાઝને રાતોરાત ઈન્ડસ્ટ્રીના સેન્ટરમાં લાવીને મૂકી દીધો. નવાઝના નામની ફિલ્મો મલ્ટીપ્લેક્સમાં દેખાતી. અલબત્ત હીરો તરીકે નહી જ પણ જેણે 14 વર્ષ ટકી રહેવા જે મહેનત કરી હોય તેના માટે તો જે પણ ફિલ્મ મળે જે પણ રોલ મળે તે કરવામાં કોઈ મનાઈ નહતી (આ જ બાબત કઈ રીતે તેના કરિયરને આગળ જતાં આકાર આપશે તેવું નવાઝે નહીં જ વિચાર્યું હતું) 2014માં બીજા ખાન સાથે ફિલ્મ કરી કિક, આ કિકે તેને આસમાનમાં પહોંચાડી દીધો. વર્ષે એક ફિલ્મ કરવા માંગતા નવાઝની 5-5 ફિલ્મ રિલીઝ થવા લાગી અને આ સીલસીલો 2020 સુધી ચાલ્યો. આ વચ્ચે 2016માં ત્રીજા ખાન સાથે કામ કરી 'રઈસી' પણ આવી ગઈ. નવાઝના ફેન્સ આ સમયે તેને ઈન્ડસ્ટ્રીમાં સૌથી શ્રેષ્ઠ એક્ટર ઘોષિત કરી ચૂકયા હતા. પણ હજી આ વાર્તાનો ઈન્ટરવલ આવ્યો નથી.

2019નો દોર જ્યારે ભારતમાં OTT પ્લેટફોર્મ્સ લોકો સુધી સરળતાથી પહોંચી ગયા, થિયેટરને છોડી ફોનની સ્કિન પર વેબસિરીઝ જોવાનું શીખી રહ્યા હતા ત્યારે નવાઝે સેક્રેડ ગેમ્સથી બાજી મારી લીધી. 'કભી કભી તો લગતા હૈ આપુન હી જ ભગવાન હૈ'ની જેમ વેબસિરીઝામાં તે સમયે ગોડ બનાવની નજીક જ હતો પણ પછી આવ્યું કોવિડ અને પછી નવાઝના કરિયરમાં પણ લોકડાઉન શરૂ થયું.

કરિયરની ટોપ પહોંચેલા નવાઝે જે ગતિથી નીચે આવવાની શરૂઆત કરી તે કોઈ ફિલ્મી સ્ટોરી જેવું જ લાગે. એ પાછળ ઘણા બધા કારણો પણ છે. કોઈક કહે છે આઉટસાઇડરને આનાથી વધારે જગ્યા ઈન્ડસ્ટ્રી આપતું નથી. તો કોઈ લૂકની વાત કરતા કે કંઈ પણ હોય નવાઝ પાસે હીરો બનવા લાયક દેખાવ તો નથી જ. બાકી એક થિયરી એવી પણ ખરી કે ત્રણેય ખાન સાથે કામ કરનારને આવી ગુમનામી મળતી હોય છે. બાકી નવાઝની સાથેના મનોજ બાજપેયી, પંકજ ત્રિપાઠી, કે કે મેનેન જેવા કલાકારો પણ પોતે 'લાઈમલાઈટમાં' નથી જ આવતા છતાં તેમને ફિલ્મ મળતી રહે છે. અધૂરામાં પૂરું નવાઝની પત્ની સાથેની કોન્ટ્રોવર્સી પણ ઘણી ચર્ચામાં રહી. જેને તેના સાફ કરિયર પાર દાગ તો ઉછાળ્યા. આ બધાથી ઉપર ટેક્નિકલ કારણ જોઈએ તો ઈન્ડસ્ટ્રીનું સૌથી મોટું ગ્રહણ તેને લાગી ગયું હતું. ટાઈપકાસ્ટ થવાનું. તે ઘણા અલગ રોલ કરતો પણ આ બધામાંથી તેના ગેંગ્સ ઓફ વાસેપુર, રામન રાઘવ, કિક, જેવા સ્ટ્રોંગ કિરદારના રંગ તેની ઉપર ચડી ગયા હતા. જેને કારણે નવા કિરદાર કરવા છતાં નવીનતા દેખાતી નહોતી. એક સમયે ચોકીદારી અને શાકભાજી વેચનાર નવાઝુદ્દીન એક અહેવાલ મુજબ આજે 160 કરોડથી વધુ સંપત્તિનો માલિક છે. મુંબઈમાં કરોડોનું વૈભવી 'નવાબ હાઉસ' છે. આનો અભિમાન પણ તેને હવે નાની ફિલ્મો કરતા રોકી રહ્યો છે?

તેની અત્યારની ફિલ્મોગ્રાફી જોતા સિદીકી હજુ પણ સક્રિય લાગે છે. તે ફિલ્મો અને OTT બંનેમાં કામ કરે છે. 2025માં આવેલી કોસ્ટાઓ અને પોતે જ પ્રોડ્યુસ કરેલી આઈ એમ નોટ એક્ટર. તેના ઉદાહરણ છે. અને હાલ તો તેની પાસે 14 જેટલી ફિલ્મ અને વેબસીરિઝ રહેલી છે. અત્યારે તેનું ફોકસ થામા પર જ હશે. જેમાં પ્રોડક્શન તેને મોટી સ્ટાર કાસ્ટ વચ્ચે ખાસ મહત્વ નથી આપી રહ્યું પણ આ વિલનના કિરદારથી તે ફરી છવાય તેવી આશા થામા પાસેથી રાખી રહ્યો છે. આ સમયે તો તેની ફિલ્મ માંજીનો ડાયલોગ નવાઝને યાદ કરાવવો કે 'ભગવાન કે ભરોસે મત બેઠીએ... ક્યા પતા ભગવાન હમારે ભરોસે બેઠા હો...!'

## તો જાનકી ઢોલિવૂડમાંથી છૂમંતર થશે?



બોલિવૂડમાં શેતાનથી એન્ટ્રી લઈ ચુકેલી જાનકી હવે નવી હિન્દી ફિલ્મ કરવાની છે તેવી ચર્ચાઓ બોલિવૂડ અને ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલી રહી છે. હવે ખબર કેટલી સાચી કેટલી ખોટી એ બાબતે મગનું નામ મારી પડ્યું નથી પણ એ વાત છે કે નેશનલ એવોર્ડ જીતેલી જાનકી હવે કોઈના વશમાં થાય એમ નથી. તો જે પ્રોડક્શન હાઉસ સાથે રશ્મિકા મંદાના, શ્રદ્ધા કપૂર, સર્વરી, અને અનન્યા, શ્રી લીલા જેવી એક્ટ્રેસિસ જોડાવા માંગે છે મેડડોકનાં હોરર યુનિવર્સની એક હાઈ-ફાઈ ફિલ્મ છુંમંતરમાં હવે જાનકી બોડીવાલા પણ જોડશે તેવી ચર્ચાઓ થઈ રહી છે. જોકે આ ફિલ્મોમાં કેટલી હીરોઈન છે તે નક્કી નથી. જે લીડ રોલ જાનકીને મળે તો હોરર પણ હોંશે હોંશે જોવા જશે. બાકી હોરર ફિલ્મમાં ઓલરેડી એક્ટિંગ કરી ચુકેલી જાનકી આવી બેક ટૂ બેક ફિલ્મો કરી હવે ઑડિયન્સની સાથે એક્ટ્રેસને પણ ડરાવી રહી હોય તેવું નથી લાગતું? જો આ છુમંતર ફિલ્મ ખરેખર મળશે તો શક્યતા ખરી કે જાનકી ગુજરાતી ફિલ્મમોમાંથી પણ છુમંતર થાય...

## અનન્યાના ગુલાબી ગાલનો રાઝ

ફોટોમાં દેખાઈ રહેલી અનન્યા થોડી ધારીને જોવો, જ્યારે 2019માં પહેલી વાર સ્ટુડન્ટ ઓફ ધી યરમાં જોયેલી ત્યારે કેવી લગતી એ વિચારીને જોશો તો શું દેખાશે? તમે કહેશો કે અનન્યાના ગાલ ગુલાબી છે, ફૂલી ગયા છે. પણ એક્સપર્ટ કહે છે કે આ સર્જરી છે. જેને કારણે અનન્યાનો લૂક બદલાઈ ગયો છે. પણ આવા આરોપ અનન્યા પર પહેલી વાર લાગે છે તેવું નથી એ પહેલા પણ તેના પાર લિપ સર્જરી કરાવ્યા હોવાની ચર્ચા ચાલી રહી હતી. જો કે આમ અનન્યાએ પહેલી વાર કરાવ્યું તેવું પણ નથી. આજની લગભગ તમામ એક્ટ્રેસ સર્જરી અને ટ્રીટમેન્ટ કરવાતી હોય છે. જેની પાછળ ફિલ્મના પ્રોડ્યુસર, બ્યુટિશિયન અને અમુક પોતાની જ ઈચ્છા શામેલ હોય છે. પણ ભોળા કલાકારો એ નથી જાણતા કે તેમના ચેહરાને ઓળખતી આ ઑડિયન્સ ચહેરામાં બદલાવ આવશે તો જરૂર જોઈ જશે. પણ આ વાતને સ્વીકારવા કરતા તેઓ આ મુદ્દે વાત જ નથી કરતા. આવું જ અનન્યાના કેસમાં પણ બન્યું. લગભગ તેને ગાલ પર સર્જરી કરાવી છે જે બદલાવ જોઈ શકાય છે પણ તેની તરફથી હજી સુધી કોઈ સ્ટેટમેન્ટ આ સર્જરી માટે કહેવાયુ નથી.



## અમૃતાની રાવ પર કોઈકે કર્યું બ્લેક મેજીક?



દ્રાક્ષ ખાટી છે... આવું યાદ આવશે જ્યારે તમે જાણશો કે લગભગ ભુલાઈ જવાને આરે આવેલી વિવાહની એક્ટ્રેસ અમૃતા રાવે કહ્યું કે કોઈએ તેના પર બ્લેક મેજિક કરી દીધું હતું. તેના કારણે તેના કરિયરમાં ખૂબ મોટુ નુકસાન થયું છે. તેના કરિયરને જોતા લાગી શકે કે તે જો બ્લેક મેજીક કરવામાં આવ્યું હતું તો તેની અસર હજી ચાલુ જ છે. હમણાં રણવીર અલ્લાહબાદિયાના પોડકાસ્ટમાં, અમૃતાએ આ વાતને વિસ્તારે કહી હતી કે "જ્યારે હું મારા ગુરુને મળી. તેમણે મને આશીર્વાદ આપ્યા. પછી, એક કે બે દિવસ પછી, તેમણે મારી માતા સાથે વાત કરી અને કહ્યું કે કોઈએ તેમની પુત્રી પર જાદુટોણાં કર્યા છે. આ સાંભળીને શોક લાગ્યો. મારા જીવનમાં ક્યારેય જાદુટોણાં જેવી બાબતોમાં મેં વિશ્વાસ નથી કર્યો, અને જો મારા ગુરુ સિવાય કોઈ બીજાએ આ કહ્યું હોત, તો હું કદાચ ન માનતી હોત. પણ ગુરુ એકદમ સાચા છે. તેમને કોઈ પણ વસ્તુનો લોભ નથી, તેમણે મને ફક્ત સત્ય કહ્યું. તે વાત સાંભળ્યા પછી, મને સમજાયું કે કદાચ મારા પર બ્લેક મેજીક થયું જ હતું. આ પહેલા પણ બીજી હિરોઈન પાસેથી સાંભળ્યું હતું કે ઈન્ડસ્ટ્રીમાં બ્લેક મેજીક કરાય છે."